પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૧ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૨-૦૯-૨૦૨૨ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

## ઝારખંડના દુમકાથી લઈને રાજધાની દિલ્હી સુધી એકતરફી પ્રેમના ગાંડપણમાં ભેટ ચઢી ૫ દીકરીઓ, હેવાનીયતની એક જેવી કહાનીઓ

નવીદિલ્હી,

ઝારખંડના દુમકાથી લઈને રાજધાની દિલ્હી સુધી એકતરફી પ્રેમમાં પાગલ આશિકો દ્વારા દીકરીઓને મારવાની રુવાંટી ઊભી કરી દે તેવી ઘટનાઓને અંજામ આપ્યો છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના સંગમ વિહાર વિસ્તારમાં દુમકા જેવી જ ઘટના બની છે. મળતી માહિતી પ્રમાણે, એકતરફી પ્રેમમાં પાગલ વિધર્મી અને તેના સાથીઓએ ૧૬ વર્ષીય સગીરા પર ફાયરિંગ કરી હત્યાનો પ્રયાસ કર્યો છે. ગોળી વાગતાં જ વિદ્યાર્થિની ઘાયલ થઈ ગઈ હતી અને તેને સારવાર માટે ખસેડવામાં આવી હતી. હાલ આ મામલે પોલીસે આરોપી અરમાન અલીની ધરપકડ કરી છે અને અન્ય બે સાથીઓને પોલીસે પહેલાં જ પકડી લીધા છે. આમ અત્યાર સુધીમાં કુલ ૩ લોકોની ધરપકડ કરવામાં આવી છે.


પ્રતિકાત્મક તસવીર

દક્ષિણી દિલ્હીના ડીસીપી બેનિતા મેરી જેકરના જણાવ્યા અનુસાર, ૨૫ ઓગસ્ટે ૧૫.૪૭ વાગ્યે તિગડી પોલીસને સંગમ વિહાર વિસ્તારમાં ૧૬ વર્ષીય સગીરાને ગોળી મારવાની જાણકારી મળી હતી. પોલીસને ઘટનાની જાણકારી મળતા જ ઘટનાસ્થળે પહોંચી હતી અને કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસ દરમિયાન જાણકારી મળી હતી કે, વિદ્યાર્થિનીને પીઠમાં ગોળી વાગી હતી અને તેને બત્રા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. પોલીસે બત્રા હોસ્પિટલ પહોંચીને પીડિતાનું નિવેદન લીધું છે.

સગીરાએ જણાવ્યું હતુ કે, દિલ્હીના દેવલી રોડ સ્થિત કેમ્બ્રિજ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ૧૧મા ધોરણમાં વિદ્યાર્થિની ભણે છે. જ્યારે તે સ્કૂલેથી પરત આવતી હતી ત્યારે ત્રણ શખસ બાઈક લઈને તેની પાછળ પાછળ આવ્યા હતા. જ્યારે વિદ્યાર્થિની સંગમ વિહારના બી બ્લોકમાં પહોંચી હતી ત્યારે એક યુવકે તેને પાછળથી ગોળી મારી હતી અને ત્રણેય ફરાર થઈ ગયા હતા. તેણે આગળ જણાવ્યું હતું કે, અમાનત અલી નામના એક વ્યક્તિને જાણે છે. તે છેલ્લા બે વર્ષથી સોશિયલ મીડિયામાં કનેક્ટ હતો. પરંતુ ૪-૫ મહિનાથી તે અમાનત સાથે વાત કરતી નહોતી, છતાંય અરમાન તેનો પીછો કરતો હતો.

અમાનત અલી ઈન્સ્ટાગ્રામ પર પણ છોકરીને પરેશાન કરતો હતો. ત્યારબાદ વિદ્યાર્થિનીએ તેને બ્લોક કરી દીધો. ૨૬ ઑગસ્ટના રોજ જ્યારે તે શાળાથી પાછી આવી રહી હતી તો ૩ બાઈક સવાર યુવકોએ તેનો પીછો કર્યો. જ્યારે તે સંગમ વિહારના બ્લોક-મ પાસે પહોંચી તો તેમાંથી એકે તેને ગોળી મારી દીધી. ત્રણેય છોકરા બાઈકથી ભાગી નીકળ્યા. છોકરીની હાલત આ સમયે ગંભીર છે, પરંતુ તેને પોતાનો પીછો કરનારની ઓળખ અમાનત અલીના રૂપમાં કરી છે.

આ અગાઉ ઝારખંડના દુમકા અને ચતરા સિવાય ઉત્તર પ્રદેશમાં પણ દીકરીઓ વિરુદ્ધ રુવાંટી ઊભી કરનારી ઘટના બની છે. દુમકાની રહેવાસી અંકિતા સિંહને સળગાવીને મારી નાખવામાં આવી. આરોપ છે કે શાહરુખ અંકિતાને એકતરફી પ્રેમ કરતો હતો. અંકિતાએ ના પાડી તો ૨૩ ઑગસ્ટના રોજ સવારે ૪ વાગ્યે શાહરુખ પોતાના મિત્ર સાથે અંકિતાના ઘરે પહોંચ્યો. અંકિતા સૂતી હતી. શાહરુખે બારીમાંથી પેટ્રોલ ફેક્યું અને આગ લગાવી દીધી. આગ લગાવીને આરોપી ભાગી ગયો. હૉસ્પિટલમાં સારવાર દરમિયાન દીકરી અંકિતાનું મોત થઈ ગયું. પોલીસ મુખ્ય આરોપી શાહરુખ અને તેના મિત્ર નઈમની ધરપકડ કરી લીધી છે.

ઝારખંડના ચતરામાં ૪ ઑગસ્ટના રોજ જ્યારે પીડિતા પોતાના ઘરમાં સૂઈ રહી હતી. એ સમયે બેલા ગામનો રહેવાસી સંદીપ ભારતીએ ઘરમાં ભરાઈને તેના પર એસિડ નાખી દીધું. પીડિતા માઠી રીતે દાઝી ગઈ, માતા પણ એસિડથી ઈજાગ્રસ્ત થઈ ગઈ. ઘટના બાદ આરોપી ભાગી ગયો હતો, પરંતુ ઘટનાના ૧૨ કલાકની અંદર પોલીસ તેની ધરપકડ કરી લીધી. પીડિતાને રિમ્સ મેડિકલ વોર્ડે હાયર સેન્ટર છૈંસ્જી મોકલવા માટે બુધવારની સવારે રિમ્સથી રેફર કરી દેવામાં આવી છે.

ઉત્તર પ્રદેશના અલીગઢમાં દુકાનમાં કામ કરીને ઘરે ફરી રહેલી યુવતી ઉપર પાડોશી યુવકે પેટ્રોલ ફેકીને સળગાવવાનો પ્રયત્ન કર્યો. તે પેટ્રોલ ફેકી જ શક્યો હતો કે યુવતી ચીસો પાડવા લાગી. પછી આરોપી ફરાર થઈ ગયો. ત્યારબાદ પોલીસ આરોપીને કસ્ટડીમાં લઈ લીધો. ક્વાર્સી પોલીસ સ્ટેશન વિસ્તારના કિશનપુર અનુસૂચિત પરિવારની ૧૧માં ધોરણની વિદ્યાર્થિની રામઘાટ રોડની એક ઈન્ટર કૉલેજમાં અભ્યાસ સાથે સાથે રામઘાટ રોડ પર સ્થિત એક દુકાનમાં નોકરી પણ કરતી હતી.

યુવતીને તેના પાડોશમાં રહેતા કૌશિક કુમાર નામનો યુવક મોટા ભાગે છેડછાડ કરતો હતો અને કહેતો હતો કે હું તેની સાથે મિત્રતા કરું. મધ્ય પ્રદેશના ખંડવામાં એક માથાભારે આશિકે પહેલા છોકરી પર લગ્ન કરવાનો દબાવ બનાવ્યો. પછી છોકરીએ ના પડતા છરાથી ગળું કાપી દીધું. હુમલામાં છોકરી લોહીથી લથબથ થઈને જમીન પર પડી ગઈ. આરોપી યુવક ઘટનાસ્થળ પરથી ફરાર થઈ ગયો. કાલે છોકરીનું શબ મળ્યું.

## અમદાવાદ શહેરમાં વીજળીના કડાકા ભડાકા સાથે જોરદાર વરસાદ

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં વરસાદની આગાહી વચ્ચે વીજળીના કડાકા ભડાકા સાથે જોરદાર વરસાદ શરૂ થયો છે શહેરના પૂર્વ વિસ્તારમાં નિકોલ, નરોડા, સીટીએમ, રામોલ, વસ્ત્રાલ, અમરાઈવાડી, કાંકરિયા, ખોખરા વાડજ નિર્ણયનગર સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો હતો શહેરમાં ૧૧ વાગ્યે પૂર્વ વિસ્તારમાં જ આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાયા હતા અને વીજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો.શહેર જાણે હિલ સ્ટેશન બની ગયું હોય તેવો અહેસાસ થઈ રહ્યો હતો



મળતી માહિતી અનુસાર અમદાવાદનાં પશ્ચિમ વિસ્તારમાં પણ ગાજવીજ સાથે વરસાદ વરસી રહ્યો છે. પશ્ચિમ માં આવેલા ચાંદખેડા, સાબરમતી વૈષ્ણોદેવી, ગોતા, એસજી હાઈવે, સિંધુભાવન રોડ પર ગાજવીજ સાથે વરસાદ શરૂ થયો છે. લાંબા સમય ગાળા બાદ વરસાદનું આગમન થતાં શહેરીજનોએ ગરમીથી હાસકારો અનુભવી રહ્યા છે.

ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારો ફરીએકવાર જળબંબાકાર બન્યા છે તો શહેરના વિવિધ ગણપતિ મંડળો પણ ચિંતાગ્રસ્ત બન્યા છે. આ વર્ષે ખાસ કરીને વિવિધ મંડળો દ્વારા માટીના ગણપતિનું સ્થાપન કરવામાં આવ્યું છે. અને જો મુર્તિ પર પાણી પડે તો વિસર્જન પહેલા જ મુર્તિ ઓગળી જવા કે પછી શણગાર કે આકારમાં ઓટ આવવાની ભીતિ સતાવી રહી છે. જો કે અનેક જગ્યાએ મંડળો દ્વારા અગાઉથી જ પ્લાસ્ટિકની સીટ અથવા વોટર પ્રૂફ મંડપ બનાવવામાં આવ્યા છે.

અત્રે નોધનીય છે કે હવામાન વિભાગ દ્વારા રાજ્યના વિવિધ વિસ્તારોમાં આગામી પાંચ દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તો કેટલાક વિસ્તારોમાં સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી ત્રણ કલાક દરમિયાન અમદાવાદ અને ગાંધીનગરમાં ગાજવીજ સાથે મધ્યમથી ભારે વરસાદની સંભાવના છે.

## ભારત જોડો યાત્રામાં કન્હૈયા કુમાર અને પવન ખેરા સહિત ૧૧૭ નેતાઓ ૩૫૦૦ કિમી ચાલશે

નવીદિલ્હી,

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના નેતૃત્વ હેઠળ ૭ સપ્ટેમ્બરથી શરૂ થનારી કોંગ્રેસની ભારત જોડો યાત્રા તામિલનાડુના કન્યાકુમારીથી શરૂ થશે અને ૧૨ રાજ્યોમાં થઈને જમ્મુ-કાશ્મીરમાં સમાપ્ત થશે. અને આ યાત્રમાં ૧૧૭ નેતાઓ પદયાત્રામાં જોડાશે.કોંગ્રેસના યુવા નેતા કન્હૈયા કુમાર, પવન ખેરા અને પંજાબના પૂર્વ મંત્રી વિજય ઈન્દર સિંગલાના નામ પણ આ લિસ્ટમાં છે, જેઓ કન્યાકુમારીથી કાશ્મીર વચ્ચે ૩૫૦૦ કિલોમીટર ચાલશે.યાત્રા આયોજક સમિતિના અધ્યક્ષ દિગ્વિજય સિંહના જણાવ્યા અનુસાર, ૧૨ રાજ્યોમાંથી જનારા તમામ કોંગ્રેસી નેતાઓ અને



કાર્યકરોને ભારત યાત્રી નામ આપવામાં આવ્યું છે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી તમિલનાડુના કન્યાકુમારીથી યાત્રાને લીલી ઝંડી દેખાડશે.

આગામી હિમાચલ પ્રદેશ અને ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રચારમાંથી રાહુલ ગાંધી બ્રેક લેશે અને યાત્રા માં જોડાશે. યાદીમાં જણાવ્યા મુજબ યુથ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ કેશવ ચંદ્ર યાદવ અને ઉત્તરાખંડના સંચાર વિભાગના સચિવ વૈભવ વાલિયા પણ આ યાત્રામાં ભાગ લેશે.યાત્રામાં કોંગ્રેસના ઝંડા જોવા નહીં મળે. તેના બદલે ત્રિરંગો જોવા મળશે. આ યાત્રાનો હેતુ સમાજમાંથી નફરતને ખતમ કરવાનો જણાવવામાં આવ્યો છે. આ યાત્રા કુલ ૩,૫૦૦ કિલોમીટરની લંબાઈને આવરી લેશે. તે લગભગ ૧૫૦ દિવસ સુધી ચાલશે.

મહારાષ્ટ્ર બહુજન સમાજ પાર્ટીના પ્રમુખ સંદીપ તાજનેએ જણાવ્યું હતું કે તેમનું સંગઠન ભારતીય જનતા પાર્ટીને ખુલ્લા પાડવા માટે 'પોલ ખોલ યાત્રા' શરૂ કરશે. તેઓ, બીએસપી રાજ્ય પ્રભારી પ્રમોદ રૈના સાથે, ૧ સપ્ટેમ્બરે પાર્ટી કાર્યકર્તાઓની બેઠકમાં ભાગ લેવા માટે નાગપુરમાં છે. વધુમાં કહ્યું કે મહારાષ્ટ્ર બીએસપી રાજ્યભરમાં 'ભાજપની પોલ ખોલ યાત્રા' શરૂ કરશે. તેમણે જણાવ્યું કે ૨૬ નવેમ્બરથી નાગપુરથી આ કાર્યક્રમ શરૂ થશે.

તાજને દાવો કર્યો હતો કે છેલ્લા ૧૫ વર્ષથી નાગપુર મ્યુનિસિપલ કોર્પોરેશન પર શાસન કરી રહેલી ભાજપે શહેરના લોકો માટે કંઈ કર્યું નથી. ભાજપ કેન્દ્ર અને મહારાષ્ટ્રમાં પણ સત્તામાં છે, બંધારણ બદલવાની દિશામાં કામ કરી રહી છે. અમે અમારા 'સંવિધાન જન જાગૃતિ અભિયાન' સાથે આ મુદ્દો લોકો સાથે ઉઠાવીશું

## રાજકોટના ગ્રામ્ય વિસ્તારોમાં ભૂકંપ, સૌરાષ્ટ્ર પંથકમાં ફફડાટ



રાજકોટ,

રાજ્યમાં અવાર નવાર કચ્છ અને સૌરાષ્ટ્ર પંથકમાં ભૂકંપના આંચકા અનુભવાય છે. ગુજરાતમાં ધરતીકંપની ઘટનાઓમાં ફરી એકવાર વધી ગઈ છે. ગુજરાતના કચ્છ બાદ અનેક જિલ્લાઓમાં ધરતીકંપની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે.ત્યારે આજે રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં ભૂકંપનો ૩.૫ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ ગોંડલથી ૧૪ કિલોમીટર દૂર નોંધાયુ છે. આજે સવારે ૧૦.૪૦ની આસપાસ આ ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જેના કારણે સ્થાનિક લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.જો કે કોઈ જાનહાનીના કોઈ અહેવાલ નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઈન્સીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચના અનુસાર આ ધરતીકંપનો આંચકો ૩.૫ ની તિવ્રતાનો હતો. જો કે આ ધરતીકંપના કારણે કોઈ પણ જાનમાલના નુકસાન અંગેની માહિતી હજી સુધી પ્રાપ્ત થઈ નથી. આ ઉપરાંત રિક્ટર સ્કેલ પર ધરતીકંપનો આંચકો હળવો હોવાના કારણે સામાન્ય નાગરિકોને ધરતીકંપની માહિતી પણ અન્ય વિજાણુ માધ્યમો દ્વારા મળી હતી. હાલ તો સમગ્ર મામલે જિલ્લા તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારના નુકસાન અંગે માહિતી નથી.

## નમામિ ગંગે પ્રોજેક્ટ પાછળ કેટલો ખર્ચ થયો ? હિસાબ માંગતી હાઈકોર્ટ

નવીદિલ્હી,

અલ્હાબાદ હાઈકોર્ટે ગંગા પ્રદૂષણ મામલે જળનિગમ, ઉત્તરપ્રદેશ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સહિત અન્ય વિભાગોની કાર્યશૈલી ઉપર આકરાં શબ્દોમાં ટીપ્પણીઓ કરી છે. કોર્ટે કહ્યું કે વિભાગ પોતાની જવાબદારીને શટલકોકની જેમ આમથી તેમ ફેંકી રહ્યો છે. જળનિગમ પાસે પર્યાવરણ નિષ્ણાત નથી તો પછી તે પર્યાવરણ ઉપર નજર કેવી રીતે રાખી રહ્યું છે ?

કોર્ટે ડાયરેક્ટર પાસેથી નેશનલ મિશન ક્લિન ગંગા દ્વારા ઉઠાવવામાં આવેલા પગલાંઓની જાણકારી પણ માંગી છે અને પૂછ્યું છે કે નમામી ગંગે પરિયોજના હેઠળ અત્યાર સુધી કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડથી તપાસ રિપોર્ટ પણ માંગ્યો છે. બોર્ડે આ મામલાની તપાસ માટે ૨૮ ટીમોની રચના પણ કરી છે. આ આદેશ મુખ્ય ન્યાયમૂર્તિ રાજેશ બિંદલ, ન્યાયમૂર્તિ મનોજકુમાર ગુપ્તા અને ન્યાયમૂર્તિ અજીત કુમારની પીઠે ગંગા પ્રદૂષણ મામલે દાખલ કરાયેલી જાહેરહિતની અરજીની સુનાવણી કરતી વખતે આપ્યો છે. પીઠે ઉત્તરપ્રદેશ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પાસેથી ટેસ્ટીંગ, ફરિયાદનો નિકાલ નહીં કરનારા અધિકારીઓ વિરુદ્ધ ગેસ ચલાવવાનો આદેશ પણ આપ્યો છે.

સાથે સાથે એવું પણ પૂછ્યું છે કે ગંગા જે શહેરોમાંથી પસાર થઈને નીકળી છે ત્યાં બનેલા નાલાને એસટીપી સાથે જોહવામાં આવ્યા છે કે નહીં. નાલાની સ્થિતિ, ડિસ્ચાર્જ, ટ્રીટમેન્ટ અને જળની ગુણત્તવાને લઈને પણ જાણકારી માંગવામાં આવી છે. એએસજીઆઈએ કોર્ટ પાસેથી વિસ્તૃત જાણકારી રજૂ કરવા માટે સમય માગ્યો છે. આ મામલાની આગલી સુનાવણી ૨૬ સપ્ટેમ્બરે થશે.દરમિયાન વિભાગોમાં આંતરિક સંકલન નહીં હોવા અંગેની નારાજગી કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

## હરિત ક્રાંતિ બાદ ભારત દુનિયાનો બીજા ક્રમનો સૌથી મોટો ઘઉં ઉત્પાદક દેશ બન્યો



નવી દિલ્હી,

ભારતે ગત નાણાકીય વર્ષ દરમિયાન રેકોર્ડબ્રેક ૭૦ લાખ ટન અનાજની નિકાસ કરી હતી. હરિત ક્રાંતિના કારણે ભારત માત્ર અનાજ ઉત્પાદનમાં આત્મનિર્ભર નથી રહ્યું બલ્કે છેલ્લા ૬ દાયકામાં દુનિયાનો સૌથી મોટો ઘઉં ઉત્પાદક બીજા ક્રમનો દેશ બની ગયો છે.૧૯૬૦માં થયેલી હરિત ક્રાંતિ બાદ અત્યાર સુધીમાં દેશમાં ઘઉં ઉત્પાદનમાં ૧ હજાર ટકાનો વધારો નોંધાયો છે. સરકારના ડેટા ચાર્જ મુજબ ૧૯૬૦ની શરુઆતમાં દેશનું ઘઉં ઉત્પાદન ૯૮.૫ લાખ ટન હતું, જે ૨૦૨૧-૨૨માં વધીને ૧૦૬૪.૪ લાખ ટને પહોંચી ગયું છે. ભારતે ગત વર્ષ દરમિયાન રેકોર્ડબ્રેક ૭૦ લાખ ટન અનાજની નિકાસ કરી છે. સરકારે જણાવ્યું હતું કે, હરિત ક્રાંતિએ કૃષિ ઉત્પાદકતા વધારવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. ત્યારબાદ અનાજની કુલ પેદાશ દર હેક્ટરના હિસાબે ત્રણ ગણી વધી છે. ૧૯૬૦ના મધ્યમાં દર હેક્ટરે ૭૫૭ કિલો અનાજની પેદાશ થતી હતી, જે ૨૦૨૧માં વધીને ૨.૩૯ ટન થઈ ગઈ. રેકોર્ડબ્રેક અનાજ ઉત્પાદનની અપેક્ષા : ખેતી પાક વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન દેશમાં રેકોર્ડબ્રેક ૩૧.૫૭ કરોડ ટન અનાજનું ઉત્પાદન થઈ શકે છે. મુખ્ય કૃષિ ઉત્પાદનના ચોથા અગ્રિમ અનુમાન અનુસાર આ આંકડો ૨૦૨૦-૨૧ની લણણી સિઝનની તુલનામાં ૪૯.૮ લાખ ટન વધુ છે. ૨૦૨૧-૨૨માં ઉત્પાદન ગત પાંચ વર્ષ (૨૦૧૬-૧૭થી ૨૦૨૦-૨૧)ની સરેરાશ ઉત્પાદનની તુલનામાં ૨.૫ કરોડ ટન વધુ રહેવાનું અનુમાન છે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે પાર્ટી ૧૫ દિવસ સુધી દેશભરમાં કાર્યક્રમોનું આયોજન કરશે

નવીદિલ્હી,

આ વખતે ભાજપ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૨માં જન્મદિવસની ખાસ ઉજવણી કરવાની તૈયારી કરી રહ્યું છે, વડાપ્રધાનનો જન્મદિવસ ૧૭ સપ્ટેમ્બરે છે પરંતુ આ વખતે ભાજપે અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દીધી છે. વડાપ્રધાનના જન્મદિવસને ખાસ બનાવવા માટે ભાજપે રાષ્ટ્રીય મહાસચિવ અરુણ સિંહના નેતૃત્વમાં એક ટીમ બનાવી છે, જે ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર સુધીનો કાર્યક્રમ નક્કી કરશે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે પાર્ટી ૧૫ દિવસ સુધી દેશભરમાં કાર્યક્રમોનું આયોજન કરશે, જેમાં સેમિનાર, રક્તદાન શિબિર, વૃક્ષારોપણ, દલિત વસાહતોમાં સેવાકીય કાર્યક્રમો, સ્વચ્છતા અભિયાન અને અન્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આ સાથે જ ભારતીય જનતા યુવા મોરચા દ્વારા યુવાનોમાં કાર્યક્રમો યોજવામાં આવશે, જેમાં કેન્દ્ર સરકારની યુવા સંલગ્ન યોજના ન્યુ ઈન્ડિયા સુધીની ચર્ચા કરવામાં આવશે અને ભારતીય જનતા કિસાન મોરચા દ્વારા ખેડૂતોના મુદ્દે સરકારની યોજનાઓને ખેડૂતોમાં લઈ જશે. . નોંધપાત્ર રીતે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના છેલ્લા જન્મદિવસ પર, સરકાર દ્વારા રેકોર્ડ રસીકરણ અભિયાન ચલાવવામાં આવ્યું હતું જેમાં ૨.૫ કરોડથી વધુ રસી આપવામાં આવી હતી.

અભીનંદન....

પંચમહાલ સમાચાર

દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

કટારા સુરેખાબેન શનાભાઈ

તરફથી અભીનંદન....

નિશાળ ફળીયું-મુ. ડુંગરા, તા. લીમખેડા, જી. દાહોદ

અભીનંદન....

પંચમહાલ સમાચાર

દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

બારીઆ પર્વતસિંહ દોલતસિંહ

તરફથી અભીનંદન....

નિશાળ ફળીયું - મુ.પતંગડી, તા. લીમખેડા, જી. દાહોદ

## LPG સિલિન્ડરના ભાવમાં ૯૧.૫૦ રૂપિયાનો ઘટાડો થયો

નવીદિલ્હી,

સપ્ટેમ્બર મહિનાના પહેલા દિવસે એલપીજી ગેસ સિલિન્ડરના ભાવમાં ભારે ઘટાડો થયો છે. એલપીજી સિલિન્ડરના ભાવમાં ૯૧.૫૦ રૂપિયાનો ઘટાડો થયો છે. એક સપ્ટેમ્બરે ઈન્ડિયન ઓઈલ તરફથી બહાર પાડવામાં આવેલા ભાવ મુજબ રાજધાની દિલ્હીમાં ૧૯ કિલોવાળો કોમર્શિયલ સિલિન્ડર ૯૧.૫૦ રૂપિયા સસ્તો થયો. સિલિન્ડર માટે આજથી હવે ૧૮૮૫ રૂપિયા ચૂકવવા પડશે. અગાઉ આ સિલિન્ડરનો ભાવ ૧૯૭૬.૫૦ રૂપિયા હતો.



સતત પાંચમીવાર એવું બન્યું છે કે કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ઘટાડો થયો છે. મે મહિનામાં ૨૩૫૪ રૂપિયાની રેકોર્ડ કિંમત પર પહોંચનારો ૧૯ કિલોનો સિલિન્ડર દિલ્હીમાં ૧૮૮૫ રૂપિયાનો થયો છે. રાજધાની દિલ્હીમાં હવે તેના માટે ૧૯૭૬.૫૦ની જગ્યાએ ૧૮૮૫ રૂપિયા આપવા પડશે. એ જ રીતે હવે કોલકાતામાં ૨૦૯૫.૫૦ રૂપિયાની જગ્યાએ ૧૯૯૫.૫૦ રૂપિયા ચૂકવવા પડશે. મુંબઈમાં ૧૯૩૬.૫૦ની જગ્યાએ ૧૮૪૪ રૂપિયા ચૂકવવા પડશે. જ્યારે ચેન્નાઈમાં ૨૧૪૧ની જગ્યાએ ૨૦૪૫ રૂપિયા ચૂકવવા પડશે. ૧૪.૨ કિલોવાળા ગેસ સિલિન્ડના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી.

કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં સતત પાંચમીવાર ઘટાડો જોવા મળી રહ્યો છે. ૧૯મી મે ૨૦૨૨ના રોજ ૨૩૫૪ રૂપિયાની રેકોર્ડ કિંમત પર પહોંચનારો ગેસ સિલિન્ડર ૧ જૂને ૨૨૧૯ રૂપિયાનો થયો. તેના એક મહિના બાદ સિલિન્ડરના ભાવમાં ૯૮ રૂપિયાનો ઘટાડો થયો અને તે ૨૦૨૧ રૂપિયા થયો. ૬ જુલાઈએ ઓઈલ કંપનીઓએ આ સિલિન્ડરના ભાવ ઘટાડીને ૨૦૧૨.૫૦ રૂપિયા કર્યો. એક ઓગસ્ટે પણ ભાવ ઘટતા હવે આ સિલિન્ડર ૧૯૭૬.૫૦ રૂપિયાનો મળવા લાગ્યો. હવે આજથી શરૂ થયેલા નવા મહિને પણ ભાવ ઘટતા હવે કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો ભાવ ૧૮૮૫ રૂપિયા થયો. કિંમતમાં સતત ઘટાડાના પગલે મોંઘવારીના મોરચે જનતાને રાહત મળી છે.

તાજેતરમાં સરકારે જનતાને મોંઘવારીમાંથી રાહત આપવા માટે ઉજ્વલા યોજના હેઠળ ૨૦૦ રૂપિયા પ્રતિ ગેસ સિલિન્ડરની સબસિડી આપવાની જાહેરાત કરી હતી. આ સબસિડી વાર્ષિક ૧૨ બાટલા પર જ મળશે. સરકારના આ પગલાંથી ૯ કરોડથી વધુ ગ્રાહકોને ફાયદો થયો છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# સંતરામપુર અર્બન બેંક ડિરેક્ટરની ચુંટણી રવિવારે યોજાશે : ૧૭ ઉમેદવારો મેદાનમાં


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર અર્બન બેંક ડિરેક્ટરની ચૂંટણી માટે ૧૯ ઉમેદવારો મેદાનમાં સંતરામપુર નગરમાં અર્બન બેંકની રવિવારના રોજ ચૂંટણી યોજવામાં આવશે. જેમાં અલગ અલગ કેટેગરીમાં ઉમેદવારે પોતાની ઉમેદવારી નોંધાવી હતી. જેમાં ચૂંટણી દરમિયાનમાં કુલ મત પત્રક પર ૧૧ ચોકડી કરવાની હોય છે. જેમાં સંતરામપુર અર્બન બેંકમાં ખેડૂત કેટેગરીમાં ત્રણ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. નરેન્દ્રકુમાર કાનજીભાઈ પટેલ, ભગવાનદાસ ગણેશભાઈ પટેલ, અરવિંદસિંહ રણજીતસિંહ સિસોદિયા જ્યારે એસ.સી. કેટેગરીમાં બે ઉમેદવારોએ ઉમેદવારી નોંધાઈ હતી. નગરપાલિકાના માજી પ્રમુખ શીવાભાઈ પરમારભાઈ વણકર, પ્રેમચંદભાઈ પદેડીયા જ્યારે સ્ત્રી કેટેગરીમાં જ મહિલા ઉમેદવારી નોંધાવી હતી. વૈશાલીબેન દિવ્યમકુમાર પંડ્યા, ગીતાબેન ઘનશ્યામભાઈ મિસ્ત્રી, પ્રિયંકાબેન ભુપેશભાઈ શાહ, અનિતાબેન હિતેશકુમાર પનોલા જ્યારે સામાન્ય કેટેગરીમાં નવ વ્યક્તિએ ઉમેદવારી નોંધાવી હતી. દિલિપકુમાર બદામીલાલ શાહ, શરદકુમાર વાસુદેવ ઉપાધ્યાય, અમરીશકુમાર રતિલાલ પંચાલ, બીપીન કુમાર વજ લાલ દરજી, જીતેન્દ્ર કુમાર નટવરલાલ મહેતા, ભાવિકકુમાર ઘનશ્યામભાઈ સુથાર, કેવલ કુમાર અરૂણભાઈ રાઠોડ, બદામીલાલ જીવાભાઈ ચૌહાણ, સંતોષકુમાર ગજેન્દ્રપ્રસાદ જોશી, કુલ આ રીતે ૧૯ ઉમેદવારો એ સંતરામપુર અર્બન બેંકમાં ડિરેક્ટરની ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવી હતી. જેમ જેમ ચૂંટણીના દિવસો નજીક આવતા જાય ત્યારે ઉમેદવારો બેંકના સભાસદોની સંપર્કમાં સતત વધારો થઈ રહ્યો છે અને બેંકની અંદર ડિરેક્ટરની ચૂંટણી જીતવા માટે મહારથીઓનો સતત પ્રયાસો ચાલી રહેલા છે. શનિવારના રોજ ફતેપુરા ચૂંટણી છે. ત્યારે પણ રવિવારના રોજ માલવણ અને સંતરામપુર ખાતે જ-તારીખના રોજ ચૂંટણી યોજવામાં આવશે. જેમાં ૭૫૦૦ અર્બન બેંકના સભાસદો ૧૯ ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે.

# સાપુતારામાં ધોધમાર વરસાદ, તોતિંગ વૃક્ષો ધરાશાયી, વિજ પુરવઠો ઠપ્પ થઇ ગયો



ડાંગ,

ગુજરાતમાં ચોમાસાની સિઝનમાં અત્યાર સુધીમાં કુલ ૧૦૦.૯૮ ટકા જેટલો વરસાદ થયો છે જ્યારે ગત વર્ષે આ સમયે રાજ્યમાં ૪૨.૩૫ ટકા વરસાદ નોંધાયો હતો. આ વર્ષે હજુપણ મેઘમહેર યથાવત છે. ત્યારે વહેલી સવાર સુરત, નવસારી સહીત દક્ષિણ ગુજરાતમાં વરસાદ નોંધાયો છે. રાજ્યમાં સાર્વત્રિક વરસાદના પરિણામે કુલ ૮૬ લાખ હેક્ટર વિસ્તારની સામે ચાલુ સિઝનમાં ૮૨ લાખથી વધુ હેક્ટર વિસ્તારમાં એટલે કે ૯૫ ટકાથી વધુ ખરીફ પાકનું વાવેતર થયું છે. ડાંગ જિલ્લામાં સાપુતારા સહિત આહવા તળેટી વિસ્તારમાં ભારે ગાજવીજ અને વાવાઝોડા સાથે તૂટી પડેલા ધોધમાર વરસાદને પગલે તોતિંગ વૃક્ષો ધરાશાયી થતા અંતરિયાળના ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો ગયો છે. સાપુતારા સહિત આહવાના તળેટી વિસ્તારોમાં આવેલા સોનગીર, ઉમરપાડા, ભાંદા, વિસ્તારોમાં અચાનક વાતાવરણમાં પલટો આવતા વીજળીના કડાકા ભડાકા સાથે વાવાઝોડું ફૂંકાતા અનેક તોતિંગ વૃક્ષો ધરાશાયી થતા વીજ પોલ તૂટી જતા અંતરીયાળ વિસ્તારના ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. ભાંદા ગામ પાસે વીજ પોલ તૂટી જતા માર્ગ અવરોધાયો હતો. ભારે વરસાદને પગલે ખાપરી નદી બન્ને કાંઠે વહેતી થઈ હતી. જોકે વાવાઝોડાને પગલે કોઈ જાનહાની કે ઘરોને નુકસાની ના અહેવાલ સાંપડી શક્યા નહતા.પાછોતરા વરસાદ ને પગલે ખેતી પાકો ને જીવતદાન મળતા ખેડૂતોમાં ખુશી છવાઈ છે. વહેલી સવારથી સુરત નવસારીમાં ગાજવીજ સાથે વરસાદ વરસતાં વાતાવરણ ઠંડક પ્રસરી જવા પામી છે. ઓલપાડ, માંગરોળ, માંડવી સહિતના તાલુકાઓમાં વરસાદ ખાબક્યો છે. જિલ્લાના ખેરગામ તાલુકામાં સવારે ૪ થી ૬ વાગ્યાના ૨ કલાકમાં નોંધાયો ૪૦ મિમી વરસાદ નોંધાયો છે, નવસારીમાં આજે સવારે ૬ વાગ્યે પુરા થતા ૮ કલાકમાં નવસારી, ૦૮ મિમી, જલાલપોર ૦૬ મિમી, ખેરગામ : ૪૦ મિમી (૧.૬ ઈંચ), વાંસદા : ૦૨ મિમી વરસાદ નોંધાયો છે.

# તાલુકા કક્ષાનો યુવા ઉત્સવ રાજ્ય કક્ષાના મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોરના અધ્યક્ષ સ્થાને યોજાયો


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

જિલ્લા રમત ગમત અધિકારી, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી મહીસાગર તથા મામલતદારની કચેરી સંતરામપુરના માર્ગદર્શન હેઠળ આયોજિત તાલુકા કક્ષાના યુવક મહોત્સવ એસ.પી. હાઇસ્કુલ સંતરામપુર ખાતે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે બાળ કલાકારને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જેમાં મતદાન જાગૃતિ અંતર્ગત રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અતર્ગત મતદાન જાગૃતિ અંગે પ્રતિજ્ઞા લેવડાવી હતી. આ પ્રસંગે અગ્રણી દશરથભાઈ બારીયા, જીલ્લા મહિલા બાળ આયોગના ચેરમેન મહેન્દ્રભાઈ પટેલ, એસ.પી. હાઈસ્કુલના આચાર્ય સહિત મોટી સંખ્યામાં યુવાઓ અને બહેનો પણ જોડાયા હતા.

# લુણાવાડાથી ચારેલ જવાના માર્ગ પર આવેલ ડુંગરોમાંથી ગેરકાયદેસર માટી ખોદકામ

મલેકપુર,

લુણાવાડા ઐતિહાસિક અને આસપાસ રળિયામણા ડુંગરોથી ઘેરાયેલુ છે. છેલ્લા કેટલાક સમયથી આ ડુંગરોમાં વ્યાપક પ્રમાણમાં ગેરકાયદે માટી ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. જે બાબતે નાયબ વન સંરક્ષકને જાણ કરાતા તેમણે રેન્જ ફોરેસ્ટ ઓફિસરને તપાસ કરી કાર્યવાહી કરવા જણાવ્યુ છે.

લુણાવાડાથી ચારેલ જવાના માર્ગ પાસે આવેલા બાવાના ડુંગર તરીકે ઓળખાતા વનવિભાગ હસ્તકના જંગલમાં છેલ્લા કેટલાક દિવસોમાં મોટા પ્રમાણમાં માટીનુ ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. જે સ્થળે ખોદકામ થાય છે તેને અડીને વનવિભાગનો ડેપો આવેલો છે. જયાં ૨૪ કલાક વોચમેનની હાજરી હોય છે. તેમ છતાં પ્રતિબંધિત સાગી વૃક્ષો સહિતના સંખ્યાબંધ વૃક્ષો કપાઈ ગયા છે અને હજારો મેટ્રીક ટન માટી ગેરકાયદેસર ઉલેચાઈ ગઈ છે. જો કે આ અંગે નાયબ વનસંરક્ષકને જાણ કરાતા તેમણે લુણાવાડા રેન્જ ફોરેસ્ટ ઓફિસરને સમગ્ર બાબતે તપાસ કરી કાર્યવાહી કરવા જણાવ્યુ છે.

# ખાનપુર તાલુકાના માર્ગો પર અંબાજી પગપાળા યાત્રિકો માટે વિસામાઓ ઉભા કરાયા

ખાનપુર,

આગામી ભાદરવી પુનમને અનુલક્ષીને યાત્રાધામ અંબાજી તરફ પગપાળા સંઘો અવિરતપણે ખાનપુર તાલુકાના માર્ગો પરથી પસાર થઈ રહ્યા છે. આ પગપાળા યાત્રાળુઓ માટે ઠેર ઠેર વિસામના પંડાલો બાંધી માઈભક્તોની સરભરા કરી સેવા કરવામાં આવી રહી છે.

ખાનપુર તાલુકામાંથી આ રસ્તાઓ ઉપરથી દાહોદ, ઝાલોદ, સંતરામપુર, ગોધરા, શહેરા, લુણાવાડા, છોટાઉદેપુર, વડોદરા વિસ્તારના સંખ્યાબંધ માઈ ભકત યાત્રાળુ સંઘો પગપાળા પસાર થઈ રહ્યા છે. જેમના માટે વિસામાઓ ઉભા કરી તેઓને જમવાથી લઈ આરોગ્યલક્ષી સગવડ આપવામાં આવે છે. અહિંથી પસાર થતા સંઘ પોતપોતાની આગવી રીતે માતાજીના રથને શણગારી ધજા પતાકા સાથે અવિરત પસાર થાય છે. જે તમામ લોકો પુનમના દિવસે અંબાજી પહોંચશે.

# મહિસાગર જીલ્લા આપ પાર્ટી દ્વારા કારોબારી સભા યોજાઈ



લુણાવાડા,

મહીસાગર જિલ્લામાં આમ આદમી પાર્ટી મહીસાગર જિલ્લાની કારોબારી સભાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિધાનસભાના સંભવિત ઉમેદવારો સહીત અન્ય ચર્ચા કરવામાં આવી. પંચમહાલ લોકસભા પ્રમુખ દિનેશભાઇ બારીયાએ અરવિંદ કેજરીવાલની ગુજરાત માટેની ગેરંટી લોકો સુધી પહોંચાડવા માટેના કાર્યક્રમોની જાહેરાત કરી. પાર્ટીના મહીસાગર જિલ્લા પ્રમુખ પ્રશાંત ગુર્જર દ્વારા હોદ્દેદારોને સંબોધન કરવામાં આવ્યું. જેમાં જણાવ્યું કે, મહીસાગર જિલ્લો આગામી ચૂંટણીમાં નવા પરિવર્તન માટે તૈયાર છે. કાર્યકર્તાઓને ગામે ગામ હરેક ઘર સુધી પહોંચી જનસંપર્ક કરવા આહવાન કરવામાં આવ્યું.

# દે.બારીયાના સિવિલ હોસ્પિટલના પાછળ ગટરનું કાર્ય ગોકળ ગતિએ ચાલતા આમ જનતા હેરાન પરેશાન


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દે.બારીયા શહેરના સિવિલ હોસ્પિટલના પાછળ નગર પાલિકાના નિયોજીત કોન્ટ્રાકટર ગટરની કામગીરી છેલ્લા ત્રણ-ચાર માસથી ગોકુળગતિએ કરે છે. તેને સમય મર્યાદાનો કોઈ જ પડી નથી. ભલે ને અવર જવર કરતી આમ જનતાને મુશ્કેલીઓનો વારો આવે આ રોડનો ઉપયોગ એસ.આર. સ્કુલના વિદ્યાર્થીઓ તેમજ જુના રેલ્વે સ્ટેશન તરફનો આમ જનતા તેમજ વાંકલેશ્વર રોડના રહેવાસીઓ ખાસ કરીને સરકારી અનાજના ગોડાઉનમાં અનાજ ભરેલ ટ્રકોને ફરીફરીને જવાનો વારો આવે છે. તેના માટે કોન્ટ્રાકટર જવાબદાર છે ? તે મોટો યક્ષ પ્રશ્ન છે. આ ગટર બનાવવાથી સિવિલ હોસ્પિટલની જુની દિવાલને પણ પાડી નાખી છે. શું કોન્ટ્રાકટર ચાલુ કાર્યમાં જ સિવિલની ધરાશાઈ થયેલ બાઉન્ડ્રી દિવાલને બનાવીને સાઈડ ઈન્કમ મેળવવા માટે તો આ કાર્યને ડીલે કરવામાં આવતું નથી ને તેવું અવરજવર કરતી આમ જનતાનો વેધક સવાલ છે. આ રોડ હજુ કેટલા દિવસ બંધ રહેશે. તે તો આગળ આવનારો સમય બતાવશે કે આમ જનતાની મુશ્કેલી ક્યારે પાલિકાના પદના અધિકારીઓ સોલ્યુશન લાવશે ખરાં...????

# ઝાલોદમાં વરસાદી લીલોતરીને લઈ મચ્છરોનો ઉપદ્રવ વધતા રોગચાળાનો ભરડો

ઝાલોદ,

ઝાલોદ શહેર સહિત પંથકમાં છેલ્લા કેટલા દિવસોમાં વરસેલા વરસાદથી ચારે બાજુ ઉગી નીકળેલી લીલોતરીના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધી જતા રોગચાળાએ જોર પકડ્યુ છે. ત્યારે તંત્ર દ્વારા મચ્છરોના ઉપદ્રવને ડામવા નકકર પગલા લેવાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે. વરસાદને કારણે ગ્રામ્ય વિસ્તારોમાં કાદવ-કિચડ તથા ગંદકીના સામ્રાજયથી પંથકમાં વાયરલ ઈન્ફેકશન જેવા કે, ટાઈફોઈડ, ઝાડા-ઉલ્ટી જેવા પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાએ માથુ ઉંચક્યુ છે. જેથી જિલ્લા અને તાલુકા આરોગ્ય વિભાગ તથા નગરપાલિકા દ્વારા શહેર સહિત પંથકમાં ગંદકી દુર કરાવી જાહેર રસ્તા તેમજ ખુલ્લી ગટરોમાં દવાનો છંટકાવ કરવામાં તેવી માંગ ઉઠવા પામી છે.

# દાહોદ જિલ્લા ફતેપુરા તાલુકામાં ગણેશ ચતુર્થીની ઠેર ઠેર સ્થાપના કરવામાં આવી



ફતેપુરા,

ફતેપુરા સહિત આજુબાજુ ગામડામાં શ્રી ગણેશ ચતુર્થી નિમિત્તે ગણેશ ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ભગવાન શ્રી ગણેશ ચતુર્થીના પાવન અવસર શહેરમાં ઠેર ઠેર નાના-મોટા મંડળ ગલીએ શહેરીએ તેમજ ઘરોમાં ગણેશજીની પ્રતિમાની ઉત્સાહભેર સ્થાપના કરવામાં આવી હતી.

ફતેપુરા શહેરમાં દસ દિવસ બિરાજનારા દુધાળા દે ગણેશજીને ભક્તો દ્વારા ભારે ઉમદ અને ઉત્સાહભેર ઉજવણી કરાશે. ત્યારે ડેકોરેશનને પણ તૈયારી નાના મોટા પ્રોગ્રામ પણ દસ દિવસ કરવામાં આવશે. ત્યાર બાદ ફતેપુરા શહેરમાં નિર્ધારિત કરાયેલ જળાશોએ શ્રી ગણપતિની પ્રતિભાનો વિસર્જન કરવામાં આવશે. આ બાબતને અગાઉ થી તંત્ર દ્વારા નોંધ લઈ અને દસ દિવસ સુધી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર પણ સજાગ થઈ રહ્યું છે.

# સંજેલીના માર્કેટ ફળિયા વિસ્તારમાં સ્ટ્રીટલાઈટના અભાવે લોકોને પરેશાની

સંજેલી,

સંજેલી તાલુકાના માર્કેટ ફળિયા વિસ્તારમાં રાત્રિના સમયે અંધારાને કારણે અવરજવરમાં થતી મુશ્કેલી અને ચોરીના ડરને લઈને સ્થાનિક આગેવાનો દ્વારા સ્ટ્રીટલાઈટની માંગને લઈને તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરી હતી.

સંજેલી માર્કેટ ફળિયા વિસ્તારમાં અંધારામાં અવરજવરમાં મુશ્કેલી તેમજ ચોરી અને ઝેરી જાનવરોનો ડર સતાવી રહ્યો છે. માત્ર શોભાના ગાંઠિયા સમાન આ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટના થાંભલાઓ ઉભા કરી દેવામાં આવ્યા છે. પરંતુ સ્ટ્રીટલાઈટના અભાવના કારણે સ્થાનિક લોકોને ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. ત્રણ વર્ષ અગાઉ એ.પી.એમ.સી.માં રાત્રિના સમયે ચોર ઘુસી અને બંદુકની અણીને વોચમેનને બંધક બનાવી અને પાંચથી છ દુકાનોના તાળા તોડી રોકડ રકમની ઉઠાંતરી કરવામાં આવી હતી. આ વિસ્તારમાં હાલ ડેપ્યુગી સરપંચનો નિવાસ્થાન હોવા છતા પણ સ્ટ્રીટલાઈટ ન હોવાથી સ્થાનિક લોકોને અંધારામાં અવરજવર કરવા મજબુર બન્યા છે. સ્ટ્રીટલાઈટના ઉભા કરવામાં આવેલા થાંભલા પણ શોભાના ગાંઠિયા સમાન છે. માર્કેટ લાઈનથી ગોવિંદાતળાઈ પ્રાથમિક શાળા સુધી સ્ટ્રીટ લાઈટ નાંખી તેવી સ્થાનિક લોકો દ્વારા માંગ સાથે રજુઆત કરી હતી.

# અમદાવાદમાં MD ડ્રગ્સ સાથે એક આરોપીની ધરપકડ, ૮૯૦ ગ્રામ જથ્થો જપ્ત

અમદાવાદ,

ગુજરાતમાં ડ્રગ્સ અવિરત રીતે પકડાઈ રહ્યું છે. આજે ફરી અમદાવાદમાંથી એમડી ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો છે. ક્રાઈમ બ્રાન્ચે રૂ. ૧૮ લાખના ૮૯૦ ગ્રામ ડ્રગ્સ સાથે એક આરોપીની ધરપકડ પણ કરી છે. શાહરૂખ પઠાણ નામના વ્યક્તિની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. જોકે આ મામલે હવે પોલીસ વધુ તપાસ હાથ ધરી છે. ત્યારે શક્ય છે કે, પોલીસ તપાસમાં એમડી ડ્રગ્સને લઈને ચોંકાવનારા ખુલાસા થઈ શકે છે. નોંધનીય છે કે શહેરમાં હાલ યુવાધન મોટાપ્રમાણમાં ડ્રગ્સના રવાડે છે જે ચિંતાજનક બાબત છે,રાજ્યમાં મોટાપાયે ડ્રગ્સ પકડાઈ રહ્યું છે,ગત અઠવાડિયાએ ડ્રગ્સની હેરાફેરી કરતી અમીના નામની મહિલા પકડાઈ હતી. આજે ફરી એકવાર શાહરૂખ નામનો વ્યક્તિ પકડાયો છે. ઉલ્લેખનીય છે કે થોડા દિવસો પહેલા જ અમદાવાદમાંથી ક્રાઈમ બ્રાન્ચે રૂ. ૨૮ લાખના જથ્થા સાથે ચાર આરોપીઓની ધરપકડ કરી હતી. આરોપીઓની પૂછપરછમાં એક શખ્સ પોલીસનો બાતમીદાર રહી ચૂક્યો હોવાનો અને લોકડાઉનમાં ધંધો બંધ થઈ જતાં ડ્રગ્સના કાળો કારોબારમાં ધકેલાયો હોવાનો ચોંકાવનારા ખુલાસા થયા હતા

# દે.બારીઆમાં મનોરંજન પ્લોટમાં હોકર્સ ઝોન બનાવવાની પેરવીથી દશેરાનો મેળો બંધ થવાની ભિતી

દે.બારીઆ,

દે.બારીઆ નગરમાં આવેલા મનોરંજન પ્લોટમાં પાલિકા દ્વારા હોકર્સ ઝોન બનાવવાની તજવીજ હાથ ધરાતા સ્થાનિક વેપારીઓ સહિત નગરજનોમાં દશેરાનો પરંપરાગત મેળો બંધ થઈ જવાની ચર્ચાને પગલે રોષ જોવા મળી રહ્યો છે.

નગરમાં સ્ટેટ સમયથી મનોરંજન પ્લોટમાં પરંપરાગત દશેરાનો મેળો ભરાય છે. ૧૫ દિવસ સુધી અહિં મનોરંજનના સાધનો તેમજ વિવિધ રાઈડો ગોઠવવામાં આવે છે. આ મેળાને લઈ સ્ટેટ સમયથી મનોરંજન પ્લોટ અનામત રાખવામાં આવ્યો છે. આ પ્લોટમાં હાલમાં શુક્રવારી બજાર ભરાય છે. આ પ્લોટમાં પાલિકા દ્વારા અંદાજે દોઢ કરોડના ખર્ચે હોકર્સ ઝોન બનાવવાની તજવીજ હાથ ધરાઈ છે. જયાં દુકાનો ઉભી કરાશે. જેથી નગરજનોમાં હવે આ સ્થળે દશેરાનો મેળો નહિ યોજાય તેવી ચર્ચાઓ ચાલી રહી છે. તેમજ આ સ્થળે પથારા કરતા ફેરીયાઓની રોજીરોટી પણ છીનવાઈ જશે તેવો ડર સતાવી રહ્યો છે.

# હાલોલના બાસ્કા પાસે રોડ સાઈડ ઉભેલી ટ્રકમાં ટેમ્પો અથડાતા ટેમ્પો ચાલકનું મોત

હાલોલ,

હાલોલ બાસ્કા રોડ ઉપર કોઈપણ પ્રકારની સાઈડ લાઈટ કે સિગ્નલ વગર ઉભેલી ટ્રકની પાછળ ડુંગળી ભરેલી ટેમ્પો આઈસર અથડાતા ટેમ્પા ચાલકનુ મોત નીપજ્યું હતુ.

પ્રાપ્ત માહિતી અનુસાર મધ્યપ્રદેશમાં ખરગોન જિલ્લાના મહેશ્વર તાલુકાના જામનીયા ખાતે રહેતા મુકેશભાઈ પ્રેમચંદ્ર ગેહલોટ આઈસર ટેમ્પોમાં શાક માર્કેટમાંથી ડુંગળી ભરી પાદરા ખાતે ખાલી કરવા જતા હતા. દરમિયાન રાતના સમયે હાલોલ બાસ્કા મેઈક રોડ પર એક ટ્રક ચાલકે પોતાની ટ્રક કોઈપણ પ્રકારની સાઈડ લાઈટ કે સિગ્નલ વગર ઉભી રાખી હતી. જેથી ટેમ્પો ચાલક મુકેશભાઈ ગેહલોટને ગાડી નહિ દેખાતા ટ્રકની પાછળના ભાગે ધડાકાભેર અથડાવી દેતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ટેમ્પો ચાલક મુકેશને ગંભીરે રીતે ઈજાઓ પહોંચી હતી. જેથી તાત્કાલિક હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડાતા સારવાર મળે તે પહેલા જ તેમનુ મોત નીપજ્યું હતુ. બનાવ અંગેની જાણ હાલોલ ગ્રામ્ય પોલીસને થતાં તેઓ ઘટના સ્થળે તેમજ રેફરલ હોસ્પિટલ ખાતે દોડી આવી હતી. અને ટેમ્પો ચાલકની ઓળખ છતી કરી ટેમ્પાના માલિક તથા ટેમ્પો ચાલકના પરિવારજનોને જાણ કરાતા તેઓ હાલોલ ખાતે પહોંચી ગયા હતા. આ બનાવમાં આગળ ઉભેલી ટ્રકના ચાલક સામે અકસ્માત ગુનો નોંધાતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ધાનપુર તાલુકામાં ૧૭ વર્ષિય પ્રેમીપંખીડાએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા ખળભળાટ

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકામાં એક જ ફળિયામાં રહેતા ૧૭ વર્ષિય પ્રેમીપંખીડાએ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરેથી નીકળી આંબાના ઝાડ પર ઓઢણીથી ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યુ હતુ. આ ઘટનાની ખળભળાટ મચી જવા પામ્યો હતો. ધાનપુર પોલીસે અકસ્માત મોત અન્વયે ગુનો દાખલ કરી આગળ તપાસ હાથ ધરી હતી.

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના એક ગામના એક જ ફળિયામાં રહેતા ૧૭ વર્ષિય છોકરો તથા છોકરી વચ્ચે પ્રેમ સંબંધ હોય તેઓના પ્રેમનો સમાજ સ્વિકાર કરશે નહિ તેમ લાગતા બંને પ્રેમીપંખીડાએ પોતાના ઘરેથી નીકળી ગામના પાદરે ભેગા મળી અને ગામમાં આવેલા આંબાના ઝાડ ઉપર ઓઢણી વડે ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધુ હતુ. બીજા દિવસે પ્રેમીપંખીડા આંબાના ઝાડની ડાળીએ લટકેલી હાલતમાં જોવા મળતા ગ્રામજનોની ભીડ એકઠી થઈ હતી. આ ઘટના અંગેની જાણ ધાનપુર પોલીસને કરવામાં આવતા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી ગ્રામજનોની મદદથી બંનેના મૃતદેહો ઝાડ પરથી ઉતારી લાશનો કબ્જો લઈ પી.એમ.અર્થે ધાનપુર સરકારી દવાખાને મોકલી આપ્યા હતા.

# આપની આજ.......

મેષ : આજે તમારા માટે શુભ દિવસ છે અને તમે તમારા પરિવારના સભ્યો સાથે ખુશીથી વિતાવશો. આજે તમારે જે કરવાનું છે તે કરવાની તમને તક મળશે. બપોર સુધીમાં કેટલાક સારા સમાચાર પ્રાપ્ત થશે.

વૃષભ : આજનો દિવસ તમારા માટે આર્થિક રૂપે ખૂબ જ મજબુત દિવસ બની રહ્યો છે અને તમને પૈસા મળી શકે છે. ઘણા સ્થગિત કામ આજે ફરી શરૂ થઈ શકે છે. વ્યવસાયિક યોજનાઓમાં વેગ મળશે. માન-પ્રતિષ્ઠા વધશે.

મિથુન : તમારા જીવનમાં કેટલાક પરિવર્તન આવી શકે છે. કાર્યક્ષેત્રમાં તમારી તરફેણમાં કેટલાક બદલાવ આવી શકે છે અને તમને માન મળી શકે છે. તેનાથી તમારા કેટલાક મિત્રોમાં બળતરા થઈ શકે છે.

કર્ક : આજનો દિવસ તમારા માટે વ્યસ્ત રહેશે અને તમે ઘરે ખરીદીને બજારમાં જઈ શકો છો. ઘરની વસ્તુઓ પર પૈસા ખર્ચ થશે. સાંસારિક સુખ માણવાની રીત વધશે. ઓફિસમાં સાથીદારો સાથે કોઈપણ પ્રકારનો વિવાદ મનને બગાડી શકે છે. પૈસાના વ્યવહારમાં સાવચેત રહો, પૈસા અટવાઈ શકે છે.

સિંહ : ગ્રહોની સ્થિતિ જણાવી રહી છે કે આજે આ રાશિના લોકોનો દિવસ ખૂબ જ ખાસ રહેવાનો છે. સાથે મળીને તેમની અનેક ઈચ્છાઓ પૂરી થવાને કારણે મનમાં ઘણું આનંદ થશે અને દરેક કામમાં સફળતા પ્રાપ્ત થશે.

કન્યા : આજનો દિવસ તમારા માટે એક સારા સમાચાર સાબિત થઈ શકે છે. આજે તમારી આર્થિક બાજુ મજબૂત થશે અને ધન, માન, ખ્યાતિ અને ખ્યાતિમાં વૃદ્ધિ થશે.

તુલા : આજે ભાગ્ય તમારો સાથ આપે છે અને તમને દરેક કાર્યમાં સફળતા મળશે. જો તમે રાજકારણના ક્ષેત્ર સાથે સંકળાયેલા છો, તો તમને એક મોટું પદ મળી શકે.

વૃશ્ચિક : આજનો દિવસ ખાસ રહેવાનો છે અને દાંપત્ય જીવનમાં ખુશીઓ રહેશે. આજે નજીક અથવા દૂર કોઈ કારણસર યાત્રા થઈ શકે છે. ધંધામાં વધતી પ્રગતિથી ખુબ ખુશી થશે. વિદ્યાર્થીઓને માનસિક બૌદ્ધિક ભારથી મુક્તિ મળશે.

ધનુ : આજનો દિવસ તમારા માટે ખાસ છે. આજે તમારે દરેક ક્ષેત્રમાં લાભની અપેક્ષા છે. સબંધીઓ તરફથી ખુશી મળશે અને પરિવારમાં શુભ કાર્યોના આયોજનમાં ખુશી મળશે.

મકર : આજનો દિવસ તમારા માટે થોડો પરેશાની લાવી શકે છે. પત્નીને અચાનક શારીરિક દુઃખાવો થવાને કારણે દોડધામ અને વધુ ખર્ચની સ્થિતિ થઈ શકે છે. કોઈ મિલકત ખરીદવા અને વેચતા પહેલા, તેના તમામ કાનૂની પાસાં તપાસો.

કુંભ : આજે શિક્ષણ અને સ્પર્ધાના ક્ષેત્રે વિશેષ સિધ્ધિ થવાની સંભાવના છે. આવકના નવા સ્ત્રોત સર્જાશે. આજે તમારી સ્પષ્ટ રીતે બોલવાની રીત તમને માન પ્રાપ્ત કરશે અને તમને સફળતા મળશે.

મીન : આજનો દિવસ કોઈ શુભ દિવસ છે અને મનના અનુકૂળ લાભોને કારણે ખુશીની લાગણી રહેશે. આર્થિક સ્થિતિ પહેલા કરતા સારી રહેશે અને આજે ધંધામાં લાભ થશે. વ્યવસાયમાં પરિવર્તનનું આયોજન છે.

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# કાલોલમાં બાંધકામ ક્ષેત્રે કામ કરતાં દલિત યુવાન સાથે થયેલ અન્યાયના વિરોધમાં ચાર પરગણા વણકર સમાજે કલેકટરને આવેદન આપ્યું



- આવેદનમાં કાલોલમાં ૧૭ કોર્મશીચલ બાંધકામોની તપાસ કરવામાં આવે તેવી માંગ.
- કાલોલ પાલિકા વિસ્તારમાં રહેણાંક મંજુર થી કોર્મશીચલ બાંધકામ થયેલ હોય ત્યારે માત્ર આ યુવાન સાથે દ્વેષભાવ રાખવામાં આવ્યો.

કાલોલ,

કાલોલ ખાતે બાંધકામ ક્ષેત્રે કામ કરતા અનુસુચિત જાતિના યુવાનને થયેલ અન્યાયને અટકાવવા તેમજ કાલોલ પાલિકા વિસ્તારમાં ડેરોલ સ્ટેશન રોડની બન્ને બાજુમાં આવેલ બિનઅધિકૃત બાંધકામો દુર કરવા માટે ચાર પરગણાં વણકર સમાજ દ્વારા જીલ્લા કલેકટરને આવેદન આપવામાં આવ્યું.

કાલોલ ખાતે અનુસુચિત જાતિના ઉમેશભાઈ મોહનભાઈ પરમાર શિક્ષીત હોય જે બાંધકામ ક્ષેત્રે નાના મોટા કામો કરે છે અને કાલોલના સર્વે નં.૧૨૨/૧માં ૪૧૨ ચો. મીટર જમીનમાં રહેણાંક મકાનની પરવાનગી મળેથી વાણિજયક બાંધકામ કરેલ છે. તેમના બાંધકામ પહેલા કાલોલ ડેરોલ સ્ટેશન રોડ ઉપર વાણિજયક બાંધકામો થયેલ છે અને મોટાભાગના બાંધકામો રહેણાંકની પરવાનગી મેળવી કોર્મશીચલ હેતુના બાંધકામ બિલ્ડરો દ્વારા કરવામાં આવેલ છે. તેમ છતાં અનુસુચિત સમાજના યુવાન દ્વારા રહેણાંક મકાનની પરવાનગી મેળવી કોર્મશીચલ બાંધકામ કરતા દલિત સમાજના યુવાન પ્રગતિ અટકાવવા અને આર્થિક નુકશાન પહોંચાડવાના હેતુ થી સંજયકુમાર જયંતિલાલ પટેલ જે કાલોલ પાલિકા વિસ્તારમાં રહેણાંક મકાનની પરવાનગી મેળવી વાણિજયક હેતુ માટે બાંધકામ થાય છે. તેની જાણકારી ધરાવે છે. બીજા કોઈ બિલ્ડરની રજુઆત નહી કરી અનુસુચિત સમાજના યુવાન બિલ્ડરની રજુઆત કરી બાંધકામ તોડાવવાનો અને જમીન શ્રીસરકાર કરવાનો હુકમ ૨૧/૭/૨૦૨૨ના રોજ દ્વારા કરવામાં આવ્યો છે. તે અન્યાય પૂર્ણ અને દ્વેષભાવ થી કરવામાં આવ્યો છે. ત્યારે આ તમામ બાબતે વણકર સમાજના ૪ પરગણાં દ્વારા પંચમહાલ જીલ્લા કલેકટરને આવેદન આપવામાં આવ્યું છે અને રજુઆત કરવામાં આવી છે કે, ૧) કાલોલના સર્વે નં.૧૯૯ (જુના સર્વે નં.૧૨૧/૧ અંગે ૨૧/૦૭/૨૦૨૨ના જમન/ શરતભંગ/વશી/૪૩૦-૪૩૯/ ૨૦૨૨ થી જે હુકમ તે હુકમ અમારી માંગણીઓના નિર્ણય ન થાય ત્યાં સુધી મોકુફ રાખવામાં આવે. કાલોલ પાલિકાના કોમ્પ્લેકસની ૧૮ દુકાનમાં કોર્મશીચલ બાંધકામ માટે મંજુરી મેળવી નથી. તેમજ બાંધકામ નિયંત્રણ રેખા થી આગળ કરવામાં તે બાંધકામ દુર કરવામાં આવે સર્વે નં.૧૨૧/૧ વાણિજય કોમ્પ્લેકસમાં રહેણાંક મંજુરી થી બાંધકામ થયેલ છે. સર્વે નં.૨૦૭/૩માં થયેલ બાંધકામમાં સરકારી નાળીયા અને રસ્તાનું દબાણ કરેલ છે. તેની સામે કાર્યવાહી કરાય, સર્વે નં.૨૦૪માં રહેણાંક મંજુરી મેળવી વાણિજય બાંધકામ થયેલ છે. ત્યારે અનુસુચિત સમાજના બિલ્ડર યુવાનને વહીવટી તંત્રનો સહારો લઈ નુકશાન કરવા હેરાન કરવામાં આવી રહ્યા છે. ત્યારે કાલોલ પાલિકા વિસ્તારના અન્ય કોર્મશીચલ બાંધકામ સામે તપાસના અંત આ યુવાનના કોર્મશીચલ બાંધકામને દુર કરવાનો હુકમ કરવામાં આવે તેવી માંગ કરાઈ છે.

## ગોધરા સબ જેલ બેરેક-૪ ના માથાભારે કેદીની ધાક ધમકી અને દાદાગીરી થી જેલ સ્ટાફ પણ પરેશાન




ગોધરા,

ગોધરા સબ જેલમાં LCB પોલીસની ઝડતી તપાસ દરમિયાન બેરેક નં.૪ના કેદી પાસેથી બે સીમ કાર્ડવાળો મોબાઈલ મળી આવતાં જેલ અને વહીવટી તંત્રમાં ખળભળાટ મચી જવા પામ્યો.

ગોધરા સબ જેલમાં LCB પોલીસ દ્વારા સબજેલમાં ઝડતી તપાસ હાથ કરવામાં આવી હતી. દરમિયાન જેલમાં બેરેક નં.૪માં કેદી સિકંદર ઈશાક બેલી (રહે. ઈદગાહ મહોલ્લા, ગોધરા) પાસેથી બે સીમકાર્ડ વાળો મોબાઈલ મળી આવ્યો હતો. કેદી પાસેથી મોબાઈલ મળી આવતાં જેલ અને વહીવટી તંત્રમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. પોલીસે પકડાયેલ મોબાઈલ કોઈ ગુનાહિત પ્રવૃતિ કરવામાં આવી છે. મોબાઈલ ફોન કયા કયા દ્વારા ઉપયોગ કરવામાં આવ્યો છે. કોની મદદ થી જેલમાં મોબાઈલ ફોન ઘુસાડવામાં આવ્યો છે. તેની તપાસ માટે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ગુનો નોંધી પ્રિજનર્સ એકટની કલમ ૪૨, ૪૩, ૪૫ની પેટા કલમ-૧૨ મુજબ LCB PSI દ્વારા ફરિયાદ નોંધાવામાં આવી છે.

### ગોધરા સિવિલમાં સારવાર માટે લઈ ગયેલ કેદી દ્વારા જાપ્તા પોલીસને ગાળો આપી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ

ગોધરા સિવિલ હોસ્પિટલમાં કેદીઓને દવા સારવાર માટે લઈ ગયેલ હોય ત્યારે એક કેદી દ્વારા હેડ કવાર્ટસ પી.એસ.આઈ.ને મોબાઈલ ઉપર પરિવાર સાથે વાત કરાવો તેમ કહેતા મુલાકાતમાં વાત કરવા કહેતા કેદીએ ગાળો આપી જેલ માંથી છુટી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા સિવિલ હોસ્પિટલમાં સબ જેલ માંથી કેદીઓને દવા સારવાર માટે પી.એસ.આઈ. બી.એચ.રાવલ લઈને ગયા હતા. ત્યારે કેદીઓ પૈકી સિકંદર ઈશાક બેલી નામના કેદીએ ડૉકટર લખી આપેલ દવાઓ સમજાવો ત્યારે પી.એસ.આઈ.એ દવા ઉપર લખેલ જણાવેલ હતું. ત્યારે મારા સગા સાથે મોબાઈલ વાત કરવા કહેતા જેલમાં મુલાકાત સમયે વાત કરી લેવી તેમ કહેતા સિકંદર બેલીએ હાથકડી ખોલી નાખો પછી પાવર બતાવું છું. તેમ કહી ગાળો આપી બહાર લઈ જાવ ત્યારે તમામ સુવિધા આપવી નહિ તો જેલ માંથી છુટીને આવું એટલે બધા પોલીસને જાન થી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે એ ડીવીઝન પોલીસ મથકે જપ્તા પોલીસ દ્વારા સિકંદર બેલી સામે ફરિયાદ નોંધાવી છે.

### ગોધરા સબ જેલના બેરેક નં.૪ના માથાભારે કેદીને લઈ જેલ સ્ટાફે જીલ્લા કલેકટરને રજુઆત માટે પહોચ્યો



ગોધરા સબ જેલના બેરેક નં.૪માં રાખવામાં આવેલ કેદી દ્વારા જેલ સ્ટાફને ધાકધમકી આપતી હોય આ બાબતે સબ જેલના સ્ટાફ કલેકટર કચેરી એ પહોંચી અધિક કલેકટરને રજુઆત કરી. ગોધરા સબ જેલની બેરેક નંબર-૪ રાખવામાં આવેલ માથાભારે અને રીઢા કેદી દ્વારા જેલ સ્ટાફ સાથે ઝગડા કરી ધાકધમકી આપવામાં આવે છે. આ બાબતે જેલ અધિક્ષકને જાણ કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. જેને લઈ સબ જેલમાં ફરજ બજાવતા જેલ સહાયક જેલ સિપાહી સહિતનો સ્ટાફ જીલ્લા કલેકટર કચેરીએ દોડી આવ્યો હતો અને અધિક કલેકટરને મળી બેરેક નં.૪માં માથાભારે કેદીને અન્ય જેલમાં બદલી કરવા અથવા જેટલ સ્ટાફની બદલી કરવામાં આવે તેવી માંગ કરી છે.

## ગોધરામાં યોજાનાર ગણેશ વિર્સજન યાત્રાને લઈ જીલ્લા કલેકટર અને પોલીસવડા સાથે વિર્સજન રૂટનું નિરીક્ષણ કરાયું



ગોધરા,

ગોધરા શહેરમાં ગણેશ મહોત્સવના પર્વમાં પાંચ દિવસ બાદ વિર્સજન યાત્રાને દયાનમાં રાખી જીલ્લા કલેકટર, પોલીસ અધિક્ષક સહિતના અધિકારીઓ, પોલીસ કર્મીઓ સાથે વિર્સજન રૂટ ઉપર માર્ચ કરી નિરીક્ષણ કરવામાં આવ્યું.

ગોધરા શહેરમાં સોમવારના રોજ ગણપતિ વિર્સજન યાત્રા યોજાનાર હોય ત્યારે શહેરમાં વિર્સજન યાત્રાને શાંતિપૂર્ણ માહોલમાં સમાપન કરવા માટે વહીવટી તંત્ર કામે લાગ્યું છે. આજરોજ જીલ્લા કલેકટર સુજલ મયાત્રા, જીલ્લા પોલીસ અધિક્ષક, પ્રાંત અધિકારી, મામલતદાર સહિતના અધિકારીઓ, પોલીસ વિભાગના અધિકારી, કર્મચારીઓ સાથે શહેરના નિર્ધારીત ગણેશ વિર્સજન રૂટ ઉપર માર્ચ કરવામાં આવ્યું હતું. જીલ્લા કલેકટર અને પોલીસવડા દ્વારા વિર્સજન રૂટનું નિરીક્ષણ કરીને જરૂરી સુચનો કરવામાં આવ્યા તેમજ વિર્સજન યાત્રા દિવસના પોલીસ પોઈન્ટ, ધાબા પોઈન્ટનું નિરીક્ષણ કરાયું.

## CHC ઘોઘંબાની પ્રશંસનીય કામગીરી સાથે આરોગ્ય ક્ષેત્રે સમગ્ર પંચમહાલ જિલ્લામાં રચાયો ઈતિહાસ



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકા મથકે આવેલ સી.એચ.સી.માં છેલ્લા એક માસમાં મહિલા પ્રસુતિ કરાવવાનો અંક ૩૧૩ સુધી પહોંચ્યો છે. જે ખરેખર આરોગ્ય ક્ષેત્રે પ્રસંસનીય અને પ્રેરણાદાયક કામગીરી થઈ રહી હોવાનો પ્રેરણા રૂપ દાખલો છે. સમગ્ર પંચમહાલ જિલ્લામાં આરોગ્ય વિભાગ પૈકી આ હોસ્પિટલમાં ૩૧૩ પ્રસુતિ પૈકી માત્ર ત્રણ ડીલેવરી સીઝર કરેલ છે અને બાકીની ૩૧૦ ડીલેવરી સામાન્ય થયેલ છે. જે ઘોઘંબા તાલુકામાં ઈતિહાસ રચાયો છે. આ સુંદર કામગીરી રેફરલ હોસ્પિટલ ઘોઘંબાના ઈન્ચાર્જ અધિક્ષક ડોક્ટર પારસભાઈ પટેલ, એન.પી.એમ. સ્ટાફ, તમામ સ્ટાફનર્સ, લેબ ટેક્નેશીયન, ઓફિસનો સમગ્ર આરોગ્ય સ્ટાફ, વર્ગ ચારના કર્મચારીઓ અને એમ્બ્યુલન્સના ડ્રાઈવરો દ્વારા મહેનત કરી અને સદર પ્રસુતિઓની સફળતા મેળવેલ છે. ઘોઘંબા તાલુકામાં આરોગ્ય સ્ટાફ દ્વારા સુંદર કામગીરી કરવા બદલ જનતામાં ખુશીના સમાચાર પ્રસરી રહ્યા છે. હોસ્પિટલ ઘોઘંબા ખાતે અગાઉના મહિને પણ ૨૪ કલાકમાં ૨૯ જેટલી ડિલિવરી કરીને પંચમહાલ જિલ્લામાં રેકોર્ડ બ્રેક કામગીરી કરી છે.

## ગોધરા વડોદરા હાઈવે ચિખોદરા ચોકડી પર એસટી બસ એ ટ્રેકટર ને ટક્કર મારતા મોટી દુર્ઘટના ટળી



ગોધરા,

ગોધરા વડોદરા હાઈવે ઉપર છેલ્લા ઘણા સમય થી એક પછી એક એસ.ટી. બસ ના અકસ્માતના બનાવો બનતા રહે છે જેથી એવું લાગી રહ્યું છે કે ગોધરા વડોદરા હાઈવે રોડ ઉપર એસ.ટી. બસ માટે હાઈવે ઉપર યમરાજ ફરતા હોય તેવું લાગી રહ્યું છે ગોધરા વડોદરા હાઈવે ઉપર આવેલ ચિખોદરા ચોકડી પાસે GJ 18 Z 7464 એસટી બસના ડ્રાઈવર એ નવીન ટ્રેક્ટર ટોલી ના પાછળના ભાગે ટક્કર મારી હતી સદનસીબે મોટી દુર્ઘટના ટળી સદનસીબે કોઈ જાણ હાનિ નહિ એસ.ટી. બસ નો મેન ગ્લાસ અને આગળ ના ભાગે નુકશાન જેથી મુસાફરો અટવાયા એસટી બસના એક પછી એક અનેક બનાવો બનવા છતાં એસટી તંત્ર ઘોર નિદ્રામાં જેથી એસ.ટી. તંત્ર જાગે તે જરૂરી એને લોકોને એસ.ટી. તંત્રનો સૂત્ર સલામત સવારી સહકાર થાય અને મુસાફરોને સલામત સવારી મળી રહે અને આવા અનેક બનાવ બનતા અટકી શકે અને મોટી દુર્ઘટનાઓ ટળી શકે.

## પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા ખાતે બાગાયત પાક પરિસંવાદ, સેન્ટર ઓફ એક્સેલન્સ પ્રાઈમરી પ્રોસેસિંગ સેન્ટર ખાંડીવાવનું કરાયું ઈ-ખાતમુર્હુત



ગોધરા,

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા જામનગરમાં ધ્રોલ ખાતેથી કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા આયોજિત બાગાયત પાક પરિસંવાદ, સેન્ટર ઓફ એક્સેલન્સ અને પ્રાઈમરી પ્રોસેસિંગ સેન્ટરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. તે સાથે મુખ્યમંત્રી દ્વારા રાજ્યના ચાર બનાસકાંઠા, કચ્છ, નવસારી અને અત્રેના પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા સ્થિત ખાંડીવાવ ખાતે પણ પ્રાઈમરી પ્રોસેસિંગ સેન્ટરનું ઈ-ખાતમુર્હુત વિવિધ મહાનુભાવોની ઉપસ્થિતીમાં કરવામાં આવ્યું હતું.

અત્રેના જિલ્લાના જાંબુઘોડા સ્થિત મહાત્મા ગાંધીભવન ખાતે ગુજરાત વિધાનસભાના દંડક રમેશભાઈ કટારા અને મહાનુભાવોની ઉપસ્થિતીમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત વિધાનસભાના દંડક રમેશભાઈ કટારાએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે, સરકારની વિવિધ યોજનાઓ થકી આજે જિલ્લાના છેવાડાના વ્યક્તિને લાભ મળ્યો છે. તેમણે ઉપસ્થિત ખેડૂતોને સરકારલક્ષી વિવિધ યોજનાઓની માહિતી અને લાભ લેવા અનુરોધ કર્યો હતો. આ સાથે તેમણે પ્રાઈમરી પ્રોસેસિંગ સેન્ટર વિશે જણાવતા કહ્યું કે, આ સેન્ટર થકી જિલ્લામાં હરિયાળી ક્રાંતિ સર્જાશે. તેમણે કહ્યું કે, સરકારએ આગોતરા આયોજન થકી ખેડુતોની આવક બમણી કરવા વિવિધ કાર્યો કર્યા છે. આજે ખેડૂતો માટે ટેકાના ભાવે ખરીદી, ૨૪ કલાક વીજળી, મફત અનાજ વિતરણ, સાધન ખરીદી પર સબસિડી, પ્રાકૃતિક ખેતી માટે પ્રોત્સાહન, નલ સે જળ યોજના થકી ઘર સુધી પાણીની સગવડ, સ્વ સહાય જૂથ થકી બહેનો માટે ૦% વ્યાજે લોન વગેરે યોજનાઓ ઉપલબ્ધ કરાવી છે. આ સાથે કમલમ ફ્રૂટની ખેતી માટે લાભાર્થી ખેડૂતોને મહાનુભાવોના હસ્તે મંજૂરી હુકમો એનાયત કરાયા હતા.

છોટાઉદેપુર સાંસદ ગીતાબેન રાઠવાએ જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ હર હંમેશા ખેડૂતો અને છેવાડાના વ્યક્તિની ચિંતા કરી છે. તેમણે આ સેન્ટર પંચમહાલ જિલ્લામાં મળતા સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધવા અનુરોધ કર્યો હતો.

હાલોલ ધારાસભ્ય જયદ્રસિંહ પરમારે ખેડૂતોને સંબોધતા જણાવ્યું હતું કે, આ સેન્ટર થકી આજે જાંબુઘોડામાં સોનાનો સૂરજ ઊગ્યો છે. તેમણે કહ્યું કે, ૨૫ વર્ષ પહેલાનું જાંબુઘોડા અને આજના જાંબુઘોડા વચ્ચે રાત દિવસનો ફરક છે. આજે સરકારના પ્રયાસોથી વિવિધ વિકાસના કાર્યો થયા છે. તેમણે ખેડૂતોને ટેકનોલોજીનો ઉપયોગ કરીને આધુનિક અને પ્રાકૃતિક ખેતી કરવા આહવાન કર્યું હતું.

અહીં નોંધનીય છે કે, ખાંડીવાવ ખાતે રૂપિયા ૧૦ કરોડના ખર્ચે સેન્ટર ઓફ એક્સલન્સ અને ૦૫ કરોડના ખર્ચે પ્રાઈમરી પ્રોસેસિંગ સેંટર આકાર પામશે. જેમાં શાકભાજી, ધરૂ, ઉછેર માટે અદ્યતન વેજીટેબલ પ્લગ નર્સરી, શાકભાજી રક્ષિત ખેતી માટે પોલી હાઉસ અને નેટ હાઉસ સ્ટ્રક્ચર, ફળ પાકોના રોપા ઉછેર માટે માતૃ બ્લોક અને હાઈટિક નર્સરી એકમ, ફળ ફૂલ પાકોની આધુનિક ખેતીના વિવિધ નિદર્શન એકમો, સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ તથા આધુનિક ખાતર વ્યવસ્થાપન સહિત સ્ટોરેજ અને પેકિંગની તમામ વ્યવસ્થાઓ ઊભી કરાશે. આજના આ પ્રસંગે જાંબુઘોડા તાલુકા પંચાયતના પ્રમુખ કવિતાબેન બારિયા, ઉપપ્રમુખ વિક્રમભાઈ બારિયા, એ.પી.એમ.સી. ચેરમેન હરસિંગભાઈ બારીયા, કારોબારી અદયક્ષ જયોતિન્દ્રસિંહ રાણા, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા અને જિલ્લાના સભ્યઓ, સરપંચ જીતકુમાર દેસાઈ સહિત બાગાયત વિભાગના અધિકારી/મહાનુભાવો અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

## હાલોલના મધાસર ગામ પાસેથી ઈકો ગાડી માંથી ૪૮ હજારના ઈંગ્લીશ દારૂ સાથે એક ઈસમ ઝડપ્યો



હાલોલ,

હાલોલના મધાસર રોડ ઉપર બાતમીના આધારે વોચ ગોઠવી બાતમીવાળી ઈકો ગાડી ઝડપી તપાસ કરતાં ૪૮,૮૦૦/-રૂપીયાનો ઈંગ્લીશ દારૂ અને ઈકો ગાડી મળી ૩,૪૮,૮૦૦/ -રૂપીયાના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ પોલીસને બાતમી મળી હતી કે, ઈકો ગાડી નંબર જીજે.૨૩.એચ.૫૬૯૦માં ઈંગ્લીશ દારૂ ભરીને છોટાઉદેપુર થી કાલોલ તરફ આવનાર છે. તેવી બાતમીના આધારે હાલોલના મધાસર હાઈવે રોડ ધુવડનાળા પાસે બાતમીવાળી ઈકો ગાડી ઝડપી પાડી હતી. ઈકો ગાડી માંથી બોમ્બે વ્હીસ્કી બોટલ નંગ-૫૯, ગોવા વ્હીસ્કી બોટલ નંગ-૧૪૭, બીયર નંગ-૧૦૮ મળી ૪૮,૮૦૦/-રૂપીયાના ઈંગ્લીશ દારૂ તેમજ ઈકો ગાડી મળી કિંમત ૩,૪૮,૦૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે લક્ષ્મણ કુરબરાનભાઈ રાઠવાને ઝડપી પાડી આ બાબતે હાલોલ રૂલર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## શહેરા તાલુકામાં નીલગામ અને ભુંડો દ્વારા પાકને નુકસાન કરાતા ખેડુતો પરેશાન

શહેરા,

નાંદરવાના સામી ઘસ ગોરમટી ફળિયાના પાનમ ડેમ કિનારા વિસ્તારના ખેડુતોના ખેતરમાં નીલ ગાય અને ભુંડો દ્વારા મકાઈના ઉભા પાકને નુકસાન કરતા ખેડુતો આર્થિક રીતે પાયમાલ થતાં મુશ્કેલીમાં મુકાયા છે. પાકના નુકસાની અંગેની જાણ ગ્રામ પંચાયતમાં કરતા ખેડુતોના ખેતરની મુલાકાત લેવાઈ હતી. મોંઘા ભાવના બિયારણો અને ખાતર પાણી કરી મકાઈનો પાક તૈયાર થઈ રહ્યો હતો એવા સમયે નીલગાય અને ભુંડોના કારણે પંથકના ૨૫ ઉપરાંત ખેડુતોના ખેતરોના ઉભા પાકને નુકસાન થતાં લાચાર ખેડુતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. ત્યારે આ વિસ્તારના ખેડુતો સરકાર પાસે સહાય અને ઓછા ખર્ચે તૈયાર ફેંસિંગ તારની વાડ માટે માંગણી કરી રહ્યા છે. અગાઉ પણ ખેડુતોએ તારની વાડ માટે શહેરા વનવિભાગમાં અરજીઓ કરી હતી પરંતુ તે અંગે કોઈ કાર્યવાહી કે સુનાવની નહિ કરાઈ હોવાની જાણવા મળી રહ્યુ છે. જો સરકાર દ્વારા તારની વાડ માટે સહાય આપવામાં આવે તો સ્થાનિક ખેડુતો ખેતરના પાકને નીલગાય અને ભુંડો સામે રક્ષણ માટે બચાવી શકે છે.